**મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ નો અમલ કરતાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળા(ધો.૧ થી ૮)માં વિદ્યાર્થી તથા શિક્ષકનું પ્રમાણ નિયત કરવા બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2025/0818/K,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ઇ-સાઇન મુજબ

વંચાણે લીધા :-

(૧) મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૧૧/ન.બા.૩૭/ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૧૨/મં.૧૦/અ.૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૨/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૧૨/મં.૧૦/અ.૧

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૮/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૧૨/મં.૧૦/અ.૧

(૭) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૦/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૫/૫૧૫-૧૬

(૮) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)નો તા.૦૩/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/મહેકમ/૨૦૨૪-૨૫/૦૬

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી રાજ્યમાં આવેલી આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની યોજનાના અમલ માટેના સર્વે ઠરાવો, પરિપત્રો, યાદી વગેરેમાંની જોગવાઇઓને એક સળંગ અને સંકલિત સ્વરૂપમાં બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇ મુજબ આશ્રમશાળામાં પ્રથમ વર્ષે ૧૫ કુમાર અને ૧૫ કન્યા - એમ કુલ ૩૦ છાત્રોને પ્રવેશ આપ્યા પછી દર વર્ષે ૧૦ કુમાર અને ૧૦ કન્યા એ રીતે ક્રમિક વિકાસ થયેથી ધોરણ ૧ થી ૭ નો અભ્યાસક્રમ ચાલતો હોય તેવી આશ્રમશાળામાં છાત્રોની માન્ય સંખ્યા ૧૨૦ ની મર્યાદામાં નક્કી કરવામાં આવેલ હતી. આ સંખ્યા પૂર્ણ થાય ત્યારે તે આશ્રમશાળાને પૂર્ણ વિકસિત ગણવાની જોગવાઇ હતી.

બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની અમલવારી સમગ્ર દેશમાં કરવામાં આવી રહેલ છે. આ કાયદાની જોગવાઇ મુજબ, વંચાણે લીધેલ ક્રમાંક: (૩), (૪), (૫) અને (૬) પરના ઠરાવથી, આશ્રમશાળાઓમાં ધોરણ-૮ માં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા ૩૦ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇ મુજબ આશ્રમશાળાઓમાં શિક્ષણ કાર્યને ધ્યાને રાખી, આશ્રમશાળાની પ્રવર્તમાન વ્યવસ્થાના અભ્યાસ અન્વયે રચવામાં આવેલ ઉચ્ચ કક્ષાની સમિતિની બેઠકમાં ધો.૧ થી ૫ પ્રાથમિક અને ધો.૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક એમ બે ભાગમાં કરી, વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા નિયત કરવા અને તે સંખ્યા ધ્યાને લઇ નિયત શિક્ષક-વિદ્યાર્થીઓનો રેશિયો મુજબ શિક્ષકોની સંખ્યા નક્કી કરવા માટે નિર્ણય થયેલ. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૭) અને (૮) પરના નિયામકશ્રી (અ.જા.ક.) તથા નિયામકશ્રી (વિ.જા.ક.) ના પત્રોથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. સદર બન્ને દરખાસ્તો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

આમ, આશ્રમશાળાઓનું શિક્ષણ મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ સાથે સુસંગત થાય અને વિદ્યાર્થીઓ માટે શિક્ષણની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવી શકાય, તે હેતુથી પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

**(૧)** આશ્રમશાળાઓમાં હાલમાં ધોરણ ૧ થી ૮ ને સળંગ એકમ ગણવામાં આવે છે. તેના સ્થાને ધોરણ ૧ થી ૫ ને પ્રાથમિક અને ધોરણ ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક એમ બે ભાગમાં ગણવાના રહેશે.

**(૨)** આશ્રમશાળા દીઠ માન્ય વિદ્યાર્થીઓની સંખ્યા પૈકી ધોરણ-૧ થી ૫ માં મહત્તમ ૯૦ વિદ્યાર્થીઓ તથા ધોરણ-૬ થી ૮ માં મહત્તમ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. પરંતુ બંને વિભાગોમાં પ્રવેશ પામેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા સંસ્થાની માન્ય સંખ્યાની મર્યાદામાં રહે તે મુજબ જ પ્રવેશ આપવાનો રહેશે.

ધોરણ ૬ થી ૮ માં વર્ગદીઠ વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા ૩૫ રાખવાની રહેશે.

**(૩)** આશ્રમશાળાઓમાં મળવાપાત્ર શિક્ષકોનું પ્રમાણ નીચે મુજબ નિયત કરવાનું રહેશે.

(૧) ધોરણ ૧ થી ૫ (પ્રાથમિક)માં મળવાપાત્ર શિક્ષકોનું પ્રમાણ :

| વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ મળવાપાત્ર શિક્ષકો |
|---|---|
| ૬૦ વિદ્યાર્થીઓ સુધી | ૨ શિક્ષક |
| ૬૧ થી ૯૦ વિદ્યાર્થીઓ સુધી | ૩ શિક્ષક |

(૨) ધોરણ ૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક)માં મળવાપાત્ર શિક્ષકોનું પ્રમાણ :

૧. વર્ગદીઠ ઓછામાં ઓછો એક શિક્ષક, જેથી નીચેના દરેક વિષય માટે ઓછામાં ઓછો એક શિક્ષક રહેશે -

(ક) વિજ્ઞાન અને ગણિત

(ખ) ભાષાઓ

(ગ) સામાજિક વિજ્ઞાન

**(૪)** ઉપરોક્ત નક્કી કરાયેલ સંખ્યાથી વધુ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પ્રવેશ આપવામાં આવે તો તેવા કિસ્સામાં મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઈ મુજબ જરૂરી એવા વધારાના અન્ય શિક્ષકોની ભરતી પણ કરવાની રહેશે. જેનો સંપૂર્ણ ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.

**(૫)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની રાજ્યની આશ્રમશાળાઓમાં ઉપર મુદ્દા નં.- ૨ માં જણાવ્યા મુજબ સંખ્યાની મર્યાદા ધ્યાને લઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. પરંતુ હાલમાં જે આશ્રમશાળાઓમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા મુદ્દા નં.- ૨ માં દર્શાવેલ સંખ્યા કરતાં વધારે હોય તેવા કિસ્સાઓમાં આશ્રમશાળામાં નવા પ્રવેશ બંધ કરી વિદ્યાર્થીઓની સંખ્યા નિયત કરેલ સંખ્યાની મર્યાદામાં લાવવાની રહેશે.

સદર ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પરસરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્રદાન એચ. ગઢવી)

સંયુક્ત સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ), ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ), ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ

- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર,
- નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ)
- સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: N H Gadhavi
Joint Secretary
Date: 2025.07.21
19:05:58 +05:30